## જન્મદિને વધામણી



**મહેન્દ્રભાઈ ભાવસાર**
ઉપપ્રમુખ, શિવરંજની
પ્રમુખ, ભાવસાર મિત્ર મંડળ
સભ્ય, કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૪ ૬૩૮૩૫



**મુકેશ કે પરમાર**
મો. ૯૭૭૯૦ ૩૦૧૧૩



**જે કે રામી**
મામલતદાર
મો. ૯૮૨૪૫ ૧૭૬૬૦



**પ્રીતિબેન ઘનશ્યામકુમાર વાઘેલા**
મો. ૯૪૨૭૩ ૮૪૦૬૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# ૨૯મો સર્વ નેતૃત્વ તાલીમ શિબિર






ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વ (૨૯મી બેચ) પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિર કડી ખાતે યોજાઈ હતી, જેમાં નિષ્ણાત તરીકે અનુરાગ મહેતાએ હાજર રહી ૬૪ વિદ્યાર્થીઓને નેતૃત્વના ગુણ વિકસે એ હેતુસર તાલીમ આપી હતી.

સમગ્ર તાલીમ દરમિયાન ટ્રેનર દ્વારા સ્વવિકાસથી શરૂ કરી રાષ્ટ્રવિકસમાં આજના યુવા વિદ્યાર્થીઓ કેવી રીતે સહભાગી થઈ શકે, દરેક પરિસ્થિતિમાં હકારત્મકતા દાખવવા અને જીવનમાં નક્કી કરેલ લક્ષ્ય સુધી પોહચવા કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું અને સમાજઉપયોગી પ્રોજેક્ટ તૈયાર કરવા સુધીનું માર્ગદર્શન અપાયું હતું. ગેસ્ટ સ્પીકર તરીકે જે. સી. પટેલ અને નિષ્ઠાબેન ઠાકરે પણ પોતાના જીવના પ્રસંગો વર્ણવ્યા હતા અને રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિરના અંતે સમાપન સમારંભમાં સીઆઈઆઈ (ગુજરાત) સીએસઆર ચેરમેન નીરજલાલ અને શ્રી રામચંદ્ર સેન્ટર ફોર મેડિટેશનના ઝોનલ હેડ કેજલ કંસારા, ડો, યોગેશ પટેલ અને પ્રો. ઉમેશ કોલ્હે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સફળ જીવન જીવવા માટે માર્ગદર્શન આપી પ્રેરણા પૂરી પાડી હતી. વધુ વાત કરતાં તેમણે કહ્યું કે આજના યુવાનો પ્રચંડ શક્તિથી ભરપૂર છે, જો તેમને યોગ્ય માર્ગદર્શન અને ઉપયોગ કરવામાં આવે તો તેઓ શૂન્યમાંથી સર્જન કરવા માટે સક્ષમ છે. કાર્યક્રમ દરમિયાન પૂર્વ તાલીમાર્થી ધવલ મહેતા દ્વારા લવારપુર ગામ ખાતે 'સ્વચ્છતાના પગલે' પ્રોજેક્ટ પર ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓને અમદાવાદ ખાતે માનવ સાધના કેન્દ્રની મુલાકાત કરાવી હતી અને કેન્દ્રની શરૂઆત કેવી પરિસ્થિતિ અને મુશ્કેલીઓમાં શરૂ થઈ હતી તેની અને તેમના દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિની માહિતી આપી હતી. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી મનન પટેલ, સુરજ મુંજાણી, વિજેન્દ્ર દેવડા અને કૌશિક કલાલ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી.

# પ્રજ્ઞાચક્ષુઓનો નવો સાથી : 'સારથિ'



ગાંધીનગર, તા. ૧૦

પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (પીડીપીયુ) દ્વારા 'સારથિ' નામે એક નવા ઉપકરણની શોધ કરવામાં આવી છે, જે પ્રજ્ઞાચક્ષુઓ માટે સાથીનું કામ કરવા માટે સજ્જ છે.

ગુજરાત સરકારના સહયોગથી પીડીપીયુ દ્વારા 'ટૉર્ચ-ઈટ' નામે એક સામાજિક ઉપક્રમ ચલાવવામાં આવી રહ્યો છે, જેનો મૂળ આઈડિયા ઍમઆઈટી મીડિયા લૅબ્સનો હતો. ટૉર્ચ ઈટ દ્વારા દેશના ૨ મિલિયન પ્રજ્ઞાચક્ષુઓને સહાયભૂત થવા માટે અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે, જેના પ્રથમ પરિણામ રૂપે 'સારથિ'ની શોધને પૂર્ણ જાહેર કરવામાં આવી છે.

૨ વર્ષની મહેનત અને દેશની ૫૦ કરતાં પણ વધુ પ્રજ્ઞાચક્ષુ સંસ્થાઓની મુલાકાત બાદ આ ડિવાઈસની શોધ સંપન્ન કરાઈ છે અને તે ખરે જ પ્રજ્ઞાચક્ષુઓ માટે આશીર્વાદ સમાન છે. પીડીપીયુના ક્ષિતિજ અને હની દ્વારા આ ડિવાઈસ તૈયાર કરવામાં આવ્યું છે.

સારથિ એ એક હાથમાં રાખી શકાય એવું ડિવાઈસ છે, જેમાં બે સૅન્સર રાખવામાં આવ્યા છે. આ સૅન્સર પોતાની સામે કોઈપણ અવરોધ આવે તો વાઈબ્રેશન ઉત્પન્ન કરે છે. મતલબ કે આ ડિવાઈસ જેના હાથમાં હોય તેની સામે કોઈ અવરોધ આવે કે તરત જ ડિવાઈસની ધ્રૂજારી તે વ્યક્તિને અનુભવાય છે, જેના કારણે વ્યક્તિ સતર્ક થઈ શકે છે. આ ડિવાઈસમાં ૩ અલગ-અલગ મોડ પણ આપવામાં આવ્યા છે, જેનાથી કેટલા અંતર પર અવરોધ છે તે વ્યક્તિ નિશ્ચિત કરી શકે છે. ૩ ફૂટ, ૬ ફૂટ અને ૧૦ ફૂટ સુધીનું અંતર વ્યક્તિ પોતાની જરૂરિયાત મુજબ નિશ્ચિત કરી શકે છે. ઍન્ડ્રોઈડ ફોનમાં ચાર્જિંગ માટે જે પીન હોય છે એવી જ પીન આ ડિવાઈસને ચાર્જ કરવા માટે આપવામાં આવી છે અને એકવાર ચાર્જ કર્યા પછી ૨૧ કલાક સુધી આ ડિવાઈસની બૅટરી કામ આપે છે. અને ખાસ વાત એ કે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ પોતાની સ્ટીક (કૅન)ને આ ડિવાઈસ સાથે જોડી પણ શકે છે. આટલી બધી ખૂબીઓ ધરાવતું અને અત્યંત ઉપયોગી એવું આ ડિવાઈસ માત્ર ૧૫૦૦ રૂપિયાની કિંમતે ઉપલબ્ધ કરાવવાની સંસ્થાની નેમ છે. એ જોતાં આગામી દિવસોમાં 'સારથિ' એ પ્રજ્ઞાચક્ષુઓનો સાથી થઈ પડશે એ વાત નિશ્ચિત જણાઈ રહી છે.

ઈડર, સુરત, રાજકોટ, બારોડા, અમદાવાદ જેવાં શહેરોમાં આ ડિવાઈસનું નિદર્શન કરવામાં આવ્યું છે અને હવે વિધિપૂર્વક આ ડિવાઈસનું લોન્ચિંગ કરવામાં આવી રહ્યું છે. આગામી તા. ૧૨ ઑક્ટોબર ને ગુરુવાર, 'વર્લ્ડ બ્લાઈન્ડ ડે'ના રોજ સાંજે ૪.૩૦ કલાકે અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે આ ડિવાઈસનું લોન્ચિંગ કરવામાં આવી રહ્યું છે એવી જાહેરાત કરવામાં આવી છે.

### સેમેસ્ટર સિસ્ટમ રદ થતાં બોર્ડે કરેલો નિર્ણય

# ધોરણ ૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા હવે શિક્ષણ બોર્ડ લેશે

ગાંધીનગર, તા. ૧૦

ધોરણ-૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા હવે સ્કૂલોને બદલે બોર્ડ દ્વારા લેવામાં આવશે. સરકાર દ્વારા ધોરણ-૯થી ૧૨માં સેમેસ્ટર સિસ્ટમ રદ કરતા ધોરણ-૧૨ સાયન્સમાં પણ સેમેસ્ટર સિસ્ટમ રદ થઈ હતી. જેથી સાયન્સની પ્રાયોગિક પરીક્ષા જે અગાઉ સ્કૂલો દ્વારા લેવાતી હતી તેના બદલે હવે બોર્ડ દ્વારા આ પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે. જેથી પ્રાયોગિક પરીક્ષાના પ્રશ્નપત્રો અને સાહિત્ય બોર્ડ દ્વારા મોકલવામાં આવશે. પરીક્ષા સમયે પરીક્ષકોની નિમણુંકો પણ બોર્ડ દ્વારા જ કરવામાં આવશે. બોર્ડની પ્રાયોગિક પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન કરેલા પ્રાયોગિક કાર્યની જર્નલ કેન્દ્ર ખાતે જમા કરાવવાની રહેશે.

રાજ્યમાં ધોરણ-૯થી ૧૨માં સરકાર દ્વારા સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરવામાં આવી ત્યારે ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ સાયન્સમાં ચાર સેમેસ્ટરના આધારે વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરાતું હતું. આ ચારેય સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હતી. પરંતુ બોર્ડ પાસે પરીક્ષાનું ભારણ વધારે હોવાથી સાયન્સના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા લેવાની જવબદારી જે તે સ્કૂલોને સોંપવામાં આવી હતી. જેથી સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓની પરીક્ષા લઈ તેના ગુણ બોર્ડને મોકલી આપતી હતી. દરમિયાન સરકારે સેમેસ્ટર સિસ્ટમ રદ કરતા સાયન્સમાં પણ સેમેસ્ટર સિસ્ટમ રદ થઈ છે. જેથી હવે ધોરણ-૧૨ સાયન્સની વાર્ષિક પરીક્ષા જ બોર્ડ દ્વારા લેવામાં આવનાર છે. આ સ્થિતિમાં બોર્ડે ધોરણ-૧૨ સાયન્સના પ્રાયોગિક વિષયોની પરીક્ષા પણ લેવાનો નિર્ણય લીધો છે. જેથી આગામી માર્ચ-૨૦૧૮ની ધોરણ-૧૨ સાયન્સની પ્રાયોગિક વિષયની પરીક્ષા બોર્ડ દ્વારા લેવાશે. બોર્ડ દ્વારા કેમેસ્ટ્રી, ફિઝીક્સ અને બાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે. જેના પ્રશ્નપત્રો અને જરૂરી સાહિત્ય બોર્ડ દ્વારા મોકલવામાં આવશે. પ્રાયોગિક પરીક્ષાના ત્રણ વિષયના પરીક્ષકોની નિમણુંક પણ બોર્ડ દ્વારા જ કરવામાં આવશે. બોર્ડ દ્વારા લેવામાં આવનારી સાયન્સની પ્રાયોગિક પરીક્ષા જિલ્લાના નિયત થયેલા કેન્દ્રોના પરીક્ષા સ્થળે જ લેવામાં આવશે. ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓએ પોતે વર્ષ દરમિયાન કરેલા પ્રાયોગિક કાર્યની જર્નલ બોર્ડ દ્વારા લેવામાં આવનારી પરીક્ષા સમયે જે તે કેન્દ્ર ખાતે રજૂ કરવાની રહેશે. બોર્ડ દ્વારા પરીક્ષા નક્કી કરવામાં આવેલી તારીખ, સમય અને જે તે બેચમાં જ લેવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે નહીં.

# કૌશલ્ય ગૃપ દ્વારા ગરબા અને હાઉસીનો કાર્યક્રમ



ગાંધીનગર કૌશલ્ય ગૃપ દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે બહેનો માટે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫૦ જેટલાં મહિલાઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મહિલાઓને હાઉસીની રમત પણ રમાડવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં જમા થયેલી ધનરાશિ શહેરના ગરીબ પરિવારોની દીકરીઓનાં લગ્નખર્ચમાં મદદરૂપ થવા માટે ઉપયોગમાં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.




(૧) ૨૦૧૦૭માં સુપ્રિમ કોર્ટે કયા વિસ્તારમાં ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ લગાવ્યો છે ?
(એ) દિલ્હી એનસીઆર
(બી) ગાંધીનગર
(સી) મુંબઈ સિટી
(ડી) જયપુર

(૨) ગોધરા કાંડ મામલે ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપતાં કેટલા આરોપીઓની સજા ઉમ્રકેદમાં ફેરવી નાખી છે ?
(એ) ૧૦ (બી) ૧૧
(સી) ૧૨ (ડી) ૧૩

(૩) ૨૦૧૭નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર કોને આપવામાં આવ્યો છે ?
(એ) રઘુરામ રાજન (બી) માર્ગારેટ રિચાર્ડ
(સી) રિચર્ડ એમ થૈલર (ડી) વિજય સેનગુપ્તા

(૪) મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કયા સ્થળેથી ટીકાકરણ (રસીકરણ) અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો ?
(એ) ભરૂચ (બી) નર્મદા
(સી) દિલ્હી (ડી) વડનગર

(૫) તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભરૂચમાં કયા બંધનો શિલાન્યાસ કર્યો હતો ?
(એ) ભાડભૂત બંધ (બી) નર્મદા બંધ
(સી) શુક્લતીર્થ બંધ (ડી) ભરૂચ બંધ

(૬) બિહારના કયા જાણીતા સાહિત્યકાર અને આલોચકનું તાજેતરમાં પટના ખાતે નિધન થવા પામ્યું છે ?
(એ) અશીમ શેખ (બી) શમીમ અહમદ
(સી) જલાલુદ્દીન અહેમદ (ડી) બિશમીલા ખાન


(૭) દેશનું પ્રથમ બાયોમેટ્રિક સિસ્ટમ બેઝ્ડ એરપોર્ટ ક્યાં બન્યું છે ?
(એ) મુંબઈ (બી) દિલ્હી
(સી) બેંગલુરુ (ડી) હૈદરાબાદ

(૮) બ્રિટીશ પાર્લામેન્ટ હાઉસમાં ગ્લોબલ ડાયવર્સિટી એવોર્ડ ૨૦૧૭થી કયા ભારતીય અભિનેતાને સન્માનિત કરવામાં આવ્યા છે ?
(એ) અમિતાભ બચ્ચન (બી) અનુપમ ખેર
(સી) કરણ જોહર (ડી) સલમાન ખાન

(૯) ૨૦૧૭માં એમ જી મહેતા હ્યુમન સ્પીરીટ એવોર્ડથી કઈ મહિલા રમતવીરને સન્માનિત કરવામાં આવી છે ?
(એ) દિપી મુન્શી (બી) દિપા મલિક
(સી) દિપા શર્મા (ડી) દિપા કપૂર

(૧૦) અમેરિકાના કયા શહેરમાં ભીષણ આગ લાગવાની ઘટના તાજેતરમાં ઘટી હતી ?
(એ) ન્યૂજર્સી (બી) મેપલીંગ સિટી
(સી) વૉશિંગ્ટન ડીસી (ડી) કેલિફોર્નિયા સિટી

# સંબંધોમાં જોહુકમી : વ્યક્તિ ક્યારેક ખેંચાઈ જાય છે અને ક્યારેક ખર્ચાઈ પણ જાય છે




મહાભારતનું યુધ્ધ લગભગ નિશ્ચિત થઈ ચૂક્યું હતું. પાંડવો અને કૌરવો બંને યુધ્ધ કરવા માટે લગભગ મક્કમ થઈ ગયા હતા. એવા સમયે યુધ્ધ ટાળવાના છેલ્લા પ્રયાસરૂપે શ્રીકૃષ્ણ પાંડવો વતી સંધિનો પ્રસ્તાવ લઈને કૌરવો પાસે હસ્તિનાપુર જઈ રહ્યા હતાં. એ જ સમયે દ્રૌપદીએ શ્રીકૃષ્ણ સાથેના પોતાના સખી-સખા તરીકેના સંબંધોનું શસ્ત્ર ઉપાડયું. દ્રૌપદી એ સમયે ક્રોધગ્રસ્ત હતાં અને અગ્નિના તણખા જેવા દૈદીપ્યમાન હતાં. એ સમયે દ્રૌપદીએ શ્રીકૃષ્ણને આગ ઝરતાં વચનો કહ્યા અને કૌરવોને દંડ આપવાની વાત કરી. સ્વધર્મનું પાલન ન કરનારા કૌરવો જેવા ક્ષત્રિયોનો તો વધ જ કરવો જોઈએ એવું શ્રીકૃષ્ણને કહ્યું. પોતાને ભરી સભામાં ખેંચી લાવવામાં આવી હતી એ પ્રસંગની દ્રૌપદીએ શ્રીકૃષ્ણને સ્મૃતિ કરાવી.પોતાને વગર કારણે વનવાસ ભોગવવો પડ્યો એ વાતને ના ભૂલવાનું પણ શ્રીકૃષ્ણને કહ્યું. દ્રૌપદી શ્રૃરે કૃષ્ણને એવું પણ કહ્યું કે આપ જ્યારે શત્રુઓ સાથે સંધિ કરવાનો પ્રયાસ કરો ત્યારે દૂ:શાશનના હાથે ખેંચાયેલા પોતાના કેશપાશને સદા યાદ રાખજો. દ્રૌપદીના શ્રીકૃષ્ણ સાથેના સંબંધોને લઈને કટોકટીની પળે દ્રૌપદીએ શ્રીકૃષ્ણ ઉપર એક પ્રકારની જોહુકમી કરી, દાદાગીરી કરી. શ્રીકૃષ્ણ ઉપર આ પ્રકારની જોહુકમી કરી શક્યા તેની પાછળનું એક સબળ કારણ દ્રૌપદીના શ્રીકૃષ્ણ સાથેના ગાઢ, સખા-સખી જેવા, આપ્તજન જેવા સંબંધો.



મહાભારતના ઉદ્યોગપરવામાં લખ્યું છે એમ દ્રૌપદીના આ પ્રકારના આક્રોશ પછી શ્રી કૃષ્ણએ દ્રૌપદીને એવું કહ્યું કે;

અહં ચ તત્કારિષ્યામિ ભીમર્જુનયમૈઃ સહૈ
યુધિષ્ઠિર્નિયોગેન દૈવાસ્ય વિધિનિર્મિતાતૈં
(ઉદ્યોગ પર્વ ૮૦, ૪૬)

"હે દ્રૌપદી, યુધિષ્ઠિરની આજ્ઞાથી અને નિયતિએ રચેલા વિધાન થકી ભીમ, અર્જુન, નકુલ, તથા સહદેવને સાથે રાખીને તે જ કરીશ જે તને મનગમતું હોય.''

શ્રીકૃણ સંધિ માટે જતાં હતા છતાં પોતે આ પ્રકારની વાણી શા માટે ઉચ્ચારી હશે? દ્રૌપદીના આક્રોશ પછી, તેની જોહુકમી પછી પોતાના નિર્ણયમાં ફેરફાર કર્યો હશે કે કેમ, એ સમયે શ્રીકૃષ્ણના મનોભાવ શું હશે એ વિષે આપણે જાણતા નથી અને અનુમાનો પણ કરવા યોગ્ય નથી. શ્રીકૃષ્ણની વાણી ઉપરથી એક વાતની ચોક્કસ ધારણા કરી શકીએ કે દ્રૌપદી પોતાના શ્રીકૃષ્ણ સાથેના સંબંધોના નાતે પોતાની જોહુકમી ચલાવીને પોતાના મનની વાત કરી દીધી અને પોતે શ્રીકૃષ્ણને એ દિશામાં વિચાર કરવા માટે વિવશ તો કરી જ દીધા હશે.

એવી જ રીતે અર્જુન સ્વયંવરમાથી દ્રૌપદીને પરણીને આવ્યા ત્યારે માતા કુંતીએ પણ પોતાના પાંચ પુત્રો અને પુત્રવધુ ઉપર એક માતાના સંબંધે આદેશ આપ્યો કે પાંચેય ભાઈઓ સરખા ભાગે વહેંચી લ્યો. આ પ્રકારની જોહુકમી કરીને માતા કુંતીએ કુરુકૂળના પૂરા વિધિવિધાન જ બદલી નાખ્યા.

મહારાણી કૈકેયીએ પણ મહારાજ દશરથ સાથેના પોતાના સંબંધોના નાતે પોતાની જોહુકમી ચલાવીને શ્રી રામને ચૌદ વર્ષનો વનવાસ આપ્યો હતો એ રામાયણની કથાથી પણ આપણે અજાણ નથી.

દરેક પ્રકારના માનવીય સંબંધોમાં ક્યાક ને ક્યાક, કોઈ ને કોઈક રીતે, હંમેશા નહીં તો ક્યારેક ક્યારેક, દરેક સંબંધોમાં નહીં તો કેટલાક સંબંધોમાં એક યા બીજી વ્યક્તિ, સંબંધોના નાતે અન્ય સંબંધિત વ્યક્તિ ઉપર જોહુકમી ચલાવતી જ હોય છે. વ્યકિત પોતાના સંબંધોમાં પોતાના સત્તાધિકારનો સંપૂર્ણ ઉપયોગ કરતી હોય છે. પોતાના સંબંધોમાં પોતાનો અંકુશ રાખવા પ્રયત્ન કરતી હોય છે. પોતાના સંબંધોમાં વ્યક્તિ ક્યારેક પોતાનો કાબૂ મેળવવા માટે હવાતિયાં મારતી હોય છે. પોતાના સંબંધોમાં વ્યક્તિ દાદાગીરી કરીને પોતાનું ધાર્યું કરવા માટે બધુ જ કરી છૂટતી હીય છે.

સંબંધો કોઈપણ પ્રકારના હોય. બાપ-દિકરો, માં-દિકરી, પતિ-પત્ની, પ્રિયતમ-પ્રિયતમા, ભાઈ-બહેન, મિત્રો કે કોઈપણ પ્રકારના સામાજિક સંબંધો. એક યા બીજી વ્યક્તિ પોતાની ઉમરના નાતે, સંબંધોમાં પોતાના સ્થાનના નાતે, કુટુંબમાં પોતાના મોભાના નાતે, અન્ય સંબંધિત વ્યકિત ઉપર પોતાનું પ્રભુત્વ જમાવીને પોતાની રીતે અન્ય સંબંધિત લોકોને જીવવા માટે મજબૂર કરતાં હોય છે.

સંબંધોમાં પોતાની જોહુકમી ચલાવનાર વ્યકિત પોતાના સિધ્ધાંતો, પોતાની માન્યતાઓ, પોતાના બનાવેલા નિયમો, પોતાની જીવવાની રીત રસમો, પોતાના વલણ કે પોતાના અભિગમને બીજી સંબંધોત વ્યક્તિ ઉપર ઠોકી બેસાડવા માટે પ્રયત્ન કરતી હોય છે. ક્યારેક તો પોતાની જીવનશૈલી અનૂસાર જ સંબંધીત વ્યક્તિને જીવવા માટે પણ દબાણ કરતી હોય છે. સંબંધિત વ્યક્તિ પોતાના ઉપર ઠોકી બેસાડેલા નિયમોમાં ના પણ માનતી હોય, એ બધુ તેની જીવનશૈલીને અનુકૂળ ના પણ હોય, છતાં જોહુકમી કે દાદાગીરીને કારણે તેને આ બધુ સ્વીકારીને જીવવું પડે છે. આ પ્રકારની જોહુકમી કે દાદગીરીનુ પરિણામ ક્યારેક એવું આવે છે કે સંબંધિત વ્યકિત કેટલીક મુશ્કેલીઓમાં મુકાઈ જાય છે. તેને પોતાના ઉપર થતી જોહુકમીને વશ થવા માટે પોતાની જાત સાથે સંઘર્ષ કરવો પડે છે. તે માનસિક અને શારીરિક રીતે તો તાણ અનુભવે છે પરિણામે તે વ્યક્તિ એક પ્રકારની પીડા અનુભવે છે જે ક્યારેક અસહ્ય બની જાય છે.